ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ગાંધીનગરના નદીપારના વિસ્તારમાં બુધવારે અમદાવાદ પૂર્વની બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલે જનસંપર્ક યાત્રા કરી હતી. ચિલોડા વિસ્તારના તમામ ગામોમાં વાજતેગાજતે સ્વાગત થયું હતું અને ગ્રામજનોને હિંમતસિંહે કોંગ્રેસની નીતિ વિસ્તારથી સમજાવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ)

મતદાનને વેકેશનના ગ્રહણનો ભય

કર્મચારીઓના વેકેશન માટેના આગોતરા આયોજનો થઈ ચુકયા હોવાથી અવઢવમાં

લગ્નની મૌસમ અને વધતી ગરમી પણ મતદાન પર અસર કરશે તેવી ભીતિ

ગાંધીનગર, તા.૯

ગુજરાતના પાટનગરમાં ચૂંટણીઓનો માહોલ હજુ પણ સુસ્ત જણાઈ રહ્યો છે. આ વખતની લોકસભાની ચૂંટણીઓનો જંગ દેશભરમાં હાઈ પ્રોફાઈલ બનેલ છે એમાંય ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી ગાંધીનગરની ગાદીએ બિરાજે છે ત્યારે આ કર્મચારીનગરમાં મતદારો મત આપવાને બદલે વેકશનમાં ફરવા જવાના પ્લાન બનાવીને બેઠા છે. ઉનાળાની રજાઓમાં હિલસ્ટેશને ઠંડા થઈ જવા રહેલા નાગરિકો ઉપરાંત લગ્નગાળાની સીઝન અને કાળઝાળ ગરમીની મતદાન પર ઘેરી અસર પડશે તેવું મનાઈ રહ્યું છે.જો કે ચૂંટણી પંચના મતદાન જાગૃતિના પ્રયાસો કેટલા સફળ રહ છે તે તો સમય જ કહેશે.

ગાંધીનગર એ કર્મચારીઓનું નગર છે અને એથી આ શહેર એક આગવો મિજાજ ધરાવે છે. અહીં દરેક વસ્તુ કે કાર્ય અગાઉથી પ્લાનીંગ કરીને જ કરવામાં આવે છે. સરકારી કર્મચારીઓને મળતા એલટીસી એલાઉન્સને કારણે અને વેકેશનમાં ટીકીટી બુકીંગના ધસારાને ધ્યાનમાં રાખીને કર્મચારીઓએ લોકસભાની ચૂંટણીઓની તારીખો જાહેર થાય તેના ઘણા સમય પહેલા જ તેમના વેકેશન પ્લાનીંગ કરી ટ્રાવેલ્સ અને હોટલ્સના બુકીંગ કરાવી દીધા હતા. આ પ્રકારના આગોતરા આયોજનને કારણે જયારે ચૂંટણીઓની તારીખો જાહેર થઈ ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

ઉદ્યાનોમાં પાણીની જરૂરિયાત સંતોષવા રૂ. ૭ કરોડના ખર્ચે પાઈપલાઈન નંખાશે

ટેન્ડર આખરી થયા બાદ પાઈપલાઈનનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૯

આગ ઝરતી ગરમીમાં શહેરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા માટે સરગાસણ શુદ્ધિકરણ પ્લાન્ટમાંથી અન્ય ઉદ્યાનોને પણ પાણી સપ્લાય કરવામાં આવશે. આ માટે જરૂરી પાઈપલાઈનનું કામ હાથ ધરવા રૂ. ૭ કરોડનો ખર્ચ થશે. પ્રોજેક્ટને લઈ પ્રાથમિક ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવાઈ છે. જો કે આ યોજના અન્વયે પાઈપલાઈનની કામગીરી શરૂ થતા હજુ બે મહીનાનો સમય લાગશે.

શહેરમાં દુષિત પાણીને શુદ્ધ કરવા સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત કરી દેવાયો છે. ૧૦ એમ.એલ.ડી.ની ક્ષમતા ધરાવતા આ પ્લાન્ટના આધારે દૂષિત પાણીને શુદ્ધ કરી શહેરના ઉદ્યાનોમાં પાણી પહોંચતુ કરવામાં આવશે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીના અભાવે બગીચાઓ હરિયાળી ગુમાવી ન બેસે તેવા આસયથી આ યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સરગાસણ પ્લાન્ટના આધારે પ્રથમ તબક્કામાં શહેરના મુખ્ય વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કને પાણી સપ્લાય કરવામાં આવી રહ્યું છે. જ્યારે બીજા તબક્કામાં સરિતાઉદ્યાન પુનિતવન તેમજ બાલોદ્યાનને પાણી સપ્લાય કરવાનું પણ આયોજન કરી દેવાયું છે. આ માટે વિભાગકક્ષાએથી રૂ. ૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ યોજનાને અનુલક્ષી અગાઉ ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

અડવાણી ૩૦ વર્ષથી ચૂંટાયા છતાં પ્રજાના પ્રતિનિધિ બની શકયા નથી

પ્રાથમિક શિક્ષણનું કથળેલું સ્તર અને ગટરની સમસ્યા માત્ર સ્થાનિક ઉમેદવાર જ સમજી શકે

ગાંધીનગર, તા.૯

દેશભરના મીડીયામાં ઈલેકશન બાબતે વિવિધ મુદ્દાઓ આધારિત ચર્ચાઓ કરવામાં આવી રહી છે. આ મુદ્દાઓમાં મખ્યત્વે વિકાસ, ભ્રષ્ટાચાર, મહિલા સુરક્ષા, મોંઘવારી, બિનસાંપ્રદાયિકતા, રાજકારણનું અપરાધીકરણ સહિત અનેક બાબતોનો સમાવેશ થાય છે પરંતુ ગાંધીનગરમાં જયારે 'ઈલેકશન લાઈવ'ના પત્રકાર મતદારોને મળ્યા તો અહીંયા મતદારોનો મિજાજ કંઈક ઓર જ જોવા મળ્યો હતો. યુવાન મતદારો પોતાના વલણ પ્રત્યે મકકમતાથી વાત કરતા હતા અને ગમે તેવા મોટા માથાના રાજકારણી અંગે પોતાના અભિપ્રાય બેધડક રીતે આપ્યા હતા.

ઈલેકશન લાઈવ

લાલકૃષ્ણ અડવાણીના પુત્રી પ્રતિભા અડવાણી જયારે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં પિતાની પ્રોકસીમાં પ્રચારનો દોર સંભાળી રહ્યા છે આજે પેથાપુરમાં તેઓ લોક સંપર્ક કરવાના હતા. પેથાપુરમાં લાઈનીંગનું કામ કરતા એક યુવાન ધર્મેન્દ્ર બારોટ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે જોવા ઈચ્છે છે માત્ર આ કારણથી તેઓ અડવાણીને મત આપવાનું પસંદ કરશે તેવું કહી રહ્યા હતા. જો કે તેઓ એક બાબતમાં ખૂબ જ સ્પષ્ટ છે કે ભાજપમાંથી કોઈ પણ ઉમેદવાર હોય સ્થાનિક કે આયાતી પણ નરેન્દ્ર મોદીને વડાપ્રદાન બનાવવા તે ભાજપને જ મત આપશે. જો કે વધુ ચર્ચા કરતા ધર્મેન્દ્રએ પેથાપુરમાં પ્રાથમિક શિક્ષણના કથળતા જતા સ્તર બાબતે ભારે ચિંતા વ્યકત કરી હતી અને જો શિક્ષણમાં સુધારો લાવવામાં આવે તો સામાન્ય વર્ગના પરિવારોને પ્રાઈવટ સ્કૂલોની મોંઘી ફી ભરી બાળકોને ભણાવવા ના પડે. આ ઉપરાંત પેથાપુર નગરપાલિકાની હદમાં ગટરની સમસ્યા સત્વરે ઉકેલાય તેવું ઈચ્છી રહ્યા છે.

સેકટર-૧ પમાં આવેલ ફતેપુરા વિસ્તારમાં રહેતા અને પાર્લર ચલાવતા મહેશ પટેલ પણ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે જોવા ઈચ્છે છે પરંતુ તેમને લાલકૃષ્ણ અડવાણીનું સંસદસભ્ય અને આ વિસ્તારના લોકપ્રતિનિધિ તરીકેનું કાર્ય સહેજ પણ પસંદ નથી. તેઓ કહે છે જયારથી મેં મત આપવાની શરૂઆત કરી છે ત્યારથી મેં આ વાત નોંધી છે કે અડવાણી અહી ફકત મત માંગવા માટે જ આવે છે. આ સિવાય આજ સુધી તે લોકસંપર્ક કરવા નથી આવ્યા. આ કારણથી તેમને અડવાણી પસંદ નથી. જો કે તેમનો વિશ્વાસ છે કે જો નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તો ગુજરાતની જેમ દેશને

● અનુસંધાન પાન-૭ પર

એડી.જીપી ની ખોટી સહી કરી પોલીસ ભવનના ક્લાર્ક પીઆઈની બદલીનો ફેક્સ કરી નાંખ્યો !!!

પીઆઈની બદલીનો ફેક્સ તાપી એસપીને કરાયો

સમગ્ર ભાંડો ફૂટતા ડીજીપીએ તાપી એસપીને ઈન્કવાયરી સોંપી

ગાંધીનગર, તા. ૯

તાપી જિલ્લાના એક પી.આઈ.એ પોતાની બદલી માટે ગાંધીનગર ખાતે પોલીસ ભવનના એક ક્લાર્ક સાથે સેટીંગ કર્યું હતું. પોલીસ ભવનના ક્લાર્કે એ.ડી. જી.પી.ની ખોટી સહી કરીને તે પી.આઈ.ની બદલીનો ઓર્ડર ટાઈપ કરાવી તાપી એસ.પી.ને ફેક્સ કરી નાંખ્યો હતો. સમગ્ર મામલો એસ.પી.ને ધ્યાને આવતા રાજ્ય પોલીસ વાળા સુધી પહોંચ્યો છે. ડી.જી.પી.એ મામલાની ઈન્કવાયરી તાપી એસ.પી.ને સોંપીને રીપોર્ટ કરવા આદેશ કર્યો છે. ક્લાર્ક સામે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં પણ ગુનો દાખલ થાય તેવી શક્યતા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તાપી જિલ્લાના એક પી.આઈ.એ પોતાની બદલી કરાવવા માટે પોલીસ ભવનના એક ક્લાર્ક કે.એ. જોષી સાથે શેટીંગ કર્યું હતું. ક્લાર્કે તે પી.આઈ.ની બદલીના હૂકમ વાળો લેટર તૈયાર કરીને એ.ડી.જી.પી. એ.કે. સિંઘની ખોટો સહી કરી તે બદલીના ઓર્ડરનો ફેક્સ તાપી એસ.પી.ને કરી દીધો હતો. ચૂંટણી ટાણે બદલીના હૂકમ પર શંકા જતા તાપી એસ.પી.એ વેરીફાય કર્યુ તો પોલીસભવનથી જાણવા મળ્યું કે આવો કોઈ હૂકમ થયેલો નથી. સમગ્ર ભાંડો ફૂટીને સીધો ડી.જી.પી. સુધી પહોંચ્યો છે. આ મામલે ડી.જી.પી. પી.સી. ઠાકુરના જણાવ્યા પ્રમાણે આ પ્રકરણની ઈન્કવાયરી તાપી એસ.પી. બારોટને સોંપી અહેવાલ આપવા આદેશ કરવામાં આવ્યો છે. કસુરવાર તમામ સામે ગુનો દાખલ કરી પગલા લેવામાં આવશે. પોલીસભવનના ક્લાર્ક સામે ખોટી સહી કરી પી.આઈ.ની બદલીના હૂકમનો ફેક્સ કરી દેવા સંદર્ભે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થાય તેવી સંભાવના છે.

પી.આઈ.ની બદલીનો ઓર્ડર તાપી જિલ્લાના કોઈ પી.સી.ઓ.માંથી ફેક્સ કરાયો હોવાની વિગતો પણ મળી રહી છે.

વિશ્વનું સૌ પ્રથમ મા-બાપ મંદિર માણસામાં સ્થપાશે

ગાંધીનગર, તા.૯

વિશ્વનું સૌ પ્રથમ મા-બાપ મંદિર ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આકાર પામશે. એક કરોડના ખર્ચે નિર્માણાધીન મા-બાપ મંદિરમાં મા-બાપના મહિમા ગાન સાતત્ય જળવાશે ઉપરાંત વિઘ્નેશ્વરી માતા, અન્નપૂર્ણા મા, પદ્માવતી મા, જલારામ બાપા અને સાંઈબાબાની પ્રતિમાઓ અહીં સ્થાપિત કરવામાં આવશે.

આપણે મા-બાપને ઈશ્વરની કક્ષાએ મુકયા છે. ઈશ્વરના આર્શીવાદની સાથે જ આપણે હંમેશા મા-બાપના આર્શીવાદ ઈચ્છીએ છીએ.

કળિયુગ કહેવાય તેવા આ સમયમાં જન્મ આપનાર મા-બાપનું મહત્વ ઘટતું જાય છે તેઓને ઘરના બદલે ઘરડાઘરમાં સ્થાન મળી રહ્યું છે. આવા આ સમયમાં માતા-પિતાને તેનું યથાયોગ્ય સ્થાન મળે અને તેમનું મહત્વ આધુનિક યુગમાં વધે તે માટે માણસા ખાતે વિશ્વનું સૌ પ્રથમ મા-બાપ મંદિર આકાર પામી રહ્યું છે. વિઘ્નેશ્વરી ટ્રસ્ટના દિનેશભાઈ વ્યાસના જણાવ્યા અનુસાર આ મંદિરમાં મા-બાપનું મહત્વ સમજાવતા સુત્રો, ચિત્રો અને પંકિતઓ દર્શાવવામાં આવશે. આ મંદિરના નિર્માણ પાછળ લગભગ એક કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ મંદિરમાં વિઘ્નેશ્વરી મા, અન્નપૂર્ણા મા, પદ્માવતી મા, જલારામ બાપા અને સાંઈબાબાની પ્રતિમાઓને સ્થાપિત કરવામાં આવશે. આ મંદિર એક અનોખું મંદિર બની રહેશે.

ગાંધીનગર બેઠકના ભાજપના ઉમેદવાર અને રાષ્ટ્રીય નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીના પ્રચારાર્થે તેમની ગેરહાજરીમાં તેમની દિકરી પ્રતિભા અડવાણીના નેતૃત્વમાં બુધવારે પેથાપુર ગામે સંપર્ક યાત્રા યોજાઈ હતી. ગ્રામજનોને કાર્યકરોએ ભાજપને મત આપવા અપીલ કરી હતી. (તસવીર : દિપક જાની)

સર્વ સમાવેશક વિકાસના કામોમાં ગ્રાન્ટ ફાળવી વિકાસમાં અડવાણી પૂરક બન્યા છે

ગાંધીનગર, તા. ૯

લાલકૃષ્ણ અડવાણી દિલ્હીમાં રહીને પણ ગાંધીનગરના વિકાસની ચિંતા સતત કરતા હોય છે તેવો એકરાર તેમની દિકરી પ્રતિભા અડવાણીએ જણાવ્યું હતું.

ગાંધીનગર(ઉ)ના પેથાપુરમાં રોડ શૉ માટે આવેલા પ્રતિભા અડવાણીએ જણાવ્યું હતું કે વિકાસના કામો માટે રજુઆતો મળી ત્યારે તેમણે વિસ્તાર વિકાસ ગ્રાન્ટમાંથી નાણાં ફાળવી જ આપ્યા છે. આ બધા કામો સર્વસમાવેશક હોવાથી વધુ લોકભોગ્ય બન્યા હોવાનુ પણ તેમણે જણાવ્યું હતું.

(તસવીર : દિપક જાની)

પ્રતિભા અડવાણીએ જણાવ્યુ હતુ કે વિજયનો વિશ્વાસ છે કારણ કે દરેક સ્થળે તેમને સારો આવકાર સાંપડી રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વડોદરાથી ઉમેદવારી નોંધાવતા તેમણે શુભેચ્છા વ્યક્ત કરી વધુ એક નવો વિક્રમ વિજયનો નરેન્દ્રભાઈ નોંધાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજે સવારે ૧૦ વાગે પ્રતિભા અડવાણી સે. ૧૧માં આવેલ ભાજપ કાર્યાલય ખાતે શ્રી હરિન પાઠક તેમજ મેયર શ્રીમતિ મીનાક્ષીબેન પટેલ સાથે આવી પહોંચ્યા હતા. ગાંધીનગર શહેર ભાજપના આગેવાનોએ તેમનુ સ્વાગત કર્યુ હતું.

આ પછી તેઓ ધારાસભ્ય અશોક પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે, શહેર પ્રમુખ શ્રી નીતિન પટેલ, કાઉન્સીલરોશ્રી કાર્તિક પટેલ, શ્રી પ્રકાશ પટેલ, શ્રી સુરેશ મહેતા, સંગઠ્ઠનના અગ્રણીઓ શ્રી નાઝાભાઈ, શ્રી મુકેશ જાની, કેતન પટેલ, શ્રી નરેશભાઈ પરમાર, શ્રી કનુભાઈ દેસાઈ, પૂર્વધારાસભ્ય શ્રી વાડીભાઈ પટેલ સહિત સંખ્યાબંધ આગેવાનો સાથે પેથાપુર જવા રવાના થયા હતા.

પેથાપુર ચાર રસ્તા ખાતે તેમનું ભાતીગળ સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે થોડીક પત્રકારો સાથે વાત કરી રોડ શૉ માટે આગળ વધ્યા હતા.

પેથાપુર ચોકમાં હરિન પાઠકે મતદારોને અપીલ કરતાં જણાવ્યું હતું કે ૩૦મીએ મતદાન કરી અને ભારે બહુમતિથી શ્રી અડવાણીને જીતાડવા તેમજ મુખ્યમંત્રી શ્રી મોદીના હાથ મજબુત કરવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ૧૬મી મે ના રોજ ભાજપ સરકારની રચનાનો માર્ગ મોકળો થશે અને વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી બિરાજમાન થશે.

પેથાપુર ખાતે રણજીતસિંહ વાઘેલા, શ્રી અરવિંદભાઈ મિસ્ત્રી, નગરપાલિકાના હોદ્દેદારો તેમજ વેપારી આગેવાનોએ ફુલહાર પહેરાવી પ્રતિભા અડવાણીનું સ્વાગત કરી સન્માન કર્યું હતું.

આયુર્વેદ ઉદ્યાનમાં અનોખી અશોક કુટિર

શોક-તણાવ દૂર કરવા અશોક વૃક્ષની છાંયમાં વિશિષ્ટ કુટીર બનાવાઈ જૂના વાંસનો ઉપયોગ કરી વેસ્ટમાંથી બેસ્ટ

ગાંધીનગર, તા. ૯

શહેરના આયુર્વેદિક ઔષધિય ઉદ્યાનમાં શોક-માનસિક સંતાપ દૂર કરવા અશોકના વૃક્ષની છાંયમાં અશોક કુટીરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કુટીરમાં સીતાજી તેમજ હનુમાનજીની પ્રતિમા મુકી સીતાહરણનો પ્રસંગ તાદંશ્ય કરવાનો પણ પ્રયાસ કરાશે. જૂના વાંસના ઉપયોગના આધારે ઔષધિ ઉદ્યાનના માળીઓ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાના કન્સેપ્ટ સાથે અશોકકુટીર તૈયાર કરવામાં આવી છે.

રામાયણમાં સીતાજીનું અપહરણ કર્યા બાદ લંકાની અશોકવાટિકામાં સીતાજીને શોક દૂર કરવામાં અશોકવૃક્ષ સહાય પણ થયું હતું. પાંચથી સાત મીટરની ઉંચાઈ ધરાવતા અશોક વૃક્ષના અનેક ગુણો છે. બદામી રંગની છાલ અને છ થી નવ ઈંચ લાંબા પાન ધરાવતા આ વૃક્ષને 'તામ્ર પલ્લવ'ના નામથી પણ ઓળખવામાં આવે છે. ઔષધિના ઉપયોગમાં પણ વૃક્ષના છાલ, ફળ અને બીજ વપરાય છે. શોક અને માનસિક સંતાપ દૂર કરતા અશોકનુ વૃક્ષ સ્ત્રીરોગ માટેની એક ઉત્તમ ઔષધિ પણ છે. સ્ત્રીઓના સર્વ પ્રકારના પ્રદર, માસિકની અનિયમિતતા કષ્ટાર્તવ,

● અનુસંધાન પાન-૭ પર

જાહેર ચેતવણી

શિવમ્ નંદકિશોર ચૌહાણ

મારો પુત્ર અમારા કહ્યામાં નથી. તેઓ ઘણા સમયથી ઘરે આવેલ નથી જેની નોંધ લઈ કોઈએ તેની સાથે નાણાકીય લેવડ-દેવડ કરવી નહી અને જો કરી હશે અથવા કરશો તો અમો જવાબદાર નથી.

લિ.
નંદકિશોર એસ. ચૌહાણ

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com